# સી.આર.પી.એફ. અધિકારી

સી.આર.પી.એફ. અધિકારીની મુખ્ય ભૂમિકા કેન્દ્ર સરકારને ભીડ નિયંત્રણ, હુલ્લડ નિયંત્રણ, માનવતાવાદી બચાવ કામગીરી, મોટા પાયે સુરક્ષા વ્યવસ્થાના એકંદર સંકલનમાં મદદરૂપ બનીને કાયદો, વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા જાળવવા સક્ષમ બનાવવાની છે. યુદ્ધની સ્થિતિમાં દેશની રક્ષામાં સૈન્યને મદદરૂપ પણ બને છે.

## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે દેશની સેવા કરવા અને શૌર્ય પ્રદર્શિત કરવા માટે ઉત્સુક છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે




આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૨,૦૦૦ થી ૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in**ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. CRPFની ભરતી પરીક્ષા પાસ કરો : તબક્કાઓ

   ૧. કમ્પ્યૂટર આધારિત કસોટી
   ૨. કૌશલ (સ્કીલ) કસોટી
   ૩. શારીરિક કસોટી
   ૪. મેડિકલ કસોટી

**અથવા**

જો તમે તકનીકી ભૂમિકામાં જોડાવા માંગતા હોવ તો તમે મિકેનિક મોટર વાહનમાં ITI પ્રમાણપત્ર પણ મેળવી શકો છો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સી.આર.પી.એફ. અધિકારીનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૧,૭૭,૫૦૦*** જેટલું હોય છે.

સ્રોત:pensionersportal.gov.in/seventhCPC/7cpc_report_eng.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે સી.આર.પી.એફ.ની ૨૪૬ બટાલિયનમાંથી કોઈપણમાં રોજગારની તકો મેળવી શકો છો

**કાર્યસ્થળનું વાતાવરણઃ** સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ અમલમાં છે. તમારી પાસેથી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. મોટા ભાગે બહારની કામગીરી કરવાની રહે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ કમાન્ડન્ટ → ડેપ્યુટી કમાન્ડન્ટ → કમાન્ડન્ટ → ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડી.આઈ.જી.) → ઈન્સ્પેક્ટર જનરલ (આઈ.જી.) → એડિશનલ ડાયરેક્ટર જનરલ (એ.ડી.જી.) → સ્પેશિયલ ડાયરેક્ટર જનરલ → ડાયરેક્ટર જનરલ (ડી.જી.)

## તમે અભ્યાસ ક્યાં કરશો?

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સંરક્ષણ તાલીમી સંસ્થાઓ**

૧. આંતરિક સુરક્ષા એકેડમી, માઉન્ટ આબુ, રાજસ્થાન
૨. સી.આર.પી.એફ. એકેડમી, ગુરુગ્રામ, હરિયાણા
૩. સેન્ટ્રલ ટ્રેનિંગ કૉલેજ (CTC), ગ્વાલિયર, મધ્ય પ્રદેશ
૪. કાઉન્ટર ઈન્સર્જન્સી અને એન્ટી ટેરરિઝમ સ્કૂલ, સિલ્ચર, આસામ



મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**એની અબ્રાહમ** - આર.એ.એફ. (રેપિડ એક્શન ફોર્સ CRPFનું વિશેષ દળ)માં પ્રથમ મહિલા આઈ.જી. તરીકે નિયુક્તિ પામેલ, એની અબ્રાહમે ઈતિહાસ રચવાની સાથે સાથે વાદળી ડુંગરીની કહેવતી કાચની ટોચમર્યાદાને તોડવામાં પણ સફળતા પ્રાપ્ત કરી છે. અબ્રાહમે જાહેર કર્યુ છે કે તે આર.એ.એફ.ને નવી ઊંચાઈઓ પર લઈ જશે.*

સ્ત્રોત:timesofindia.indiatimes.com/india/crpf-gets-its-first-women-inspector-generals/articleshow/95259692.cms

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ, રાયોટ સ્ક્વોડ, આર્મ્ડ પોલીસ ફોર્સ જોબ, રેપિડ એક્શન ફોર્સ